Paper Code : 8401

**M ED Sem – III**
**JUL/SEP – 2021**
**M.Ed CC -301 TREATMENT OF DATA AND STATISTICS (OLD)**

**કુલ સમય : ૬૦ મીનીટ** **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**
**નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.**

---

પ્રશ્ન- ૧ ઈન્ટરનેટના ફાયદા કયા છે.
( A) Online સ્ત્રોતો અધ્યતન માહિતી તેમ જ જૂની માહિતી પૂરી પાડે છે. (B) તે વિશાળ રેન્જમાં માહિતી પૂરી પાડે છે.
( C) કેટલીક સાઈટ સંદર્ભસૂચિ આપે છે.તેનાથી સંશોધકને મદદ મળે છે. (D) ઉપરોક્ત તમામ વિધાનો સાચાં છે.

પ્રશ્ન- ૨ NICNET શું છે.
(A) સેટેલાઈટ આધારિત Government Informatics Network છે. (B) સેટેલાઈટ આધારિત Private Informatics Network છે.
( C) સેટેલાઈટ આધારિત Personal Informatics Network છે. ( D) સેટેલાઈટ આધારિત Social Informatics Network છે.

પ્રશ્ન- 3 NRDMS નું પૂરું નામ શું છે.
( A) The National Resousces Day Management System ( B) The National Resousces Data Manage System
( C) The National Resousces Data Management System ( D) The International Resousces Data Management System

પ્રશ્ન- ૪ INFLIBNET નું કાર્યાલય ગુજરાતમાં ક્યાં આવેલું છે.
(A) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેમ્પસમાં ( B) ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં
( C) ગુજરાત વિધ્યાપીઠના કેમ્પસમાં (D) વલ્લભ વિધ્યાનગરના કેમ્પસમાં

પ્રશ્ન- ૫ યુજીસીએ કઈ સાલમાં Information and library Network નો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધર્યો હતો.
( A) 1990 ( B) 1992 (C) 1991 (D) 1993

પ્રશ્ન-૬ ERIC નું પૂરું નામ શું છે.
( A) Educational Resource Information Centre (B) Educational Resource Informative Centre
( C) Educational Resource Information Cell ( D) Educational Resource Informative Cell

પ્રશ્ન- ૭ નીચેનામાંથી સર્ચ એન્જિનના એડ્રેસ પૈકી શું સાચું છે.
( A) www.google.com (B) www.yahoo.com (C) www.altavista.com (D) ઉપરોક્ત તમામ વિધાનો સાચાં છે

પ્રશ્ન- ૮ SPSS નું પૂરું નામ શું છે.
( A) Statistical package of the social Science ( B) Statistical package for the social Science
( C) Statistical package for the social Service ( D) Statistical package of the social Service

પ્રશ્ન- ૯ PPT નું પૂરું નામ શું છે?
(A) PowerPoint Presentation ( B) PowerPin Presentation ( C) PowerPoint Present (D) PowerPaint Presentation

પ્રશ્ન- ૧૦ સંશોધન અહેવાલના વાચકને કઈ બાબતો જાણવાની ઉત્સુકતા ધરાવે છે.
( A) સંશોધન શાના પર પર કરવામાં આવેલું છે? (B) સંશોધન કઈ રીતે કરેલું છે?
( C) સંશોધનના અંતે શું જાણવા મળ્યું? ( D) ઉપરોક્ત તમામ વિધાનો સાચાં છે.

પ્રશ્ન- ૧૧ કયા પ્રકારના સંશોધનોમાં આંકડાશાસ્ત્રનો ઉપયોગ કરીને માહિતીનું પૃથક્કરણ કરવામાં આવે છે.
( A) સંખ્યાત્મક સંશોધન (B) ગુણાત્મક સંશોધન (C) ફક્ત વિધાન A સાચું છે. (D) ઉપરોક્ત તમામ વિધાનો ખોટાં છે.

પ્રશ્ન- ૧૨ સંખ્યાત્મક સંશોધનને અંગ્રેજીમાં શું કહેવાય છે?
( A) Quantitative Research (B) Qualitative Research ( C) Applied Research (D) Basic Research

પ્રશ્ન- ૧૩ માહિતીની માવજતમાં નીચેનામાંથી શું સાચું છે.
( A) સંપાદન ( B) સંકેતીકરણ ( C) ફક્ત A સાચું છે. ( D) વિધાન A અને B બંને સાચાં છે.

પ્રશ્ન- ૧૪ સંકેતીકરણ એટલે શું?
( A) માહિતી આપનારના પ્રતિચારો કે જવાબોને સંકેતો કે સંખ્યા લગાડવાની પ્રક્રિયા છે.
(B) માહિતી આપનારના પ્રતિચારો કે જવાબોને સંકેતો લગાડવાની પ્રક્રિયા નથી .
(C) માહિતી આપનારના પ્રતિચારો કે જવાબોને ફક્ત સંખ્યા લગાડવાની પ્રક્રિયા છે. (D) ઉપરોક્ત તમામ વિધાનો સાચાં છે.

પ્રશ્ન- ૧૫ વર્ગીકરણના નિયમો માટે નીચેનામાંથી શું સાચું છે?
( A) સંશોધન સમસ્યાના હેતુઓના સંદર્ભમાં જ વર્ગો પાડવા જોઈએ.
(B) વ્યાપવિશ્વનો પ્રત્યેક સભ્ય કોઈ ને કોઈ એક વિભાગમાં ગોઠવાઈ શકે તે રીતે વર્ગીકરણ કરવું જોઈએ.
(C) પ્રત્યેક ચલના સંદર્ભમાં વર્ગીકરણ અલગથી કરવું જોઈએ. ( D) ઉપરોક્ત તમામ વિધાનો સાચા છે.

પ્રશ્ન- ૧૬ આંકડાશાત્રનો ઉપયોગ શાના માટે કરવામાં આવે છે.
(A) માહિતીનું પૃથક્કરણ કરવા માટે (B) ફક્ત અભ્યાસ કરવા માટે
(C) સંશોધનમાં આંકડાશાત્રનો ઉપયોગ જરૂરી નથી. (D) ઉપરોક્ત તમામ વિધાનો સાચાં છે.

પ્રશ્ન- ૧૭ વર્ણનાત્મક આંકડાશાસ્ત્રને અંગ્રેજીમાં શું કહે છે.
( A) Inferential Statistics (B) Discriptive Statistics (C) Discriptive Analysis (D) None of the Above

પ્રશ્ન- ૧૮ સંશોધન માટે એકત્ર કરેલી માહિતીને.....
( A) સરળ રીતે રજૂ કરવામાં આવે છે. (B) પૃથક્કરણ કરવામાં આવે છે. (C) વિધાન A અને B સાચાં છે. (D) ફક્ત વિધાન A સાચું છે.

પ્રશ્ન- ૧૯ APA નું પૂરું નામ જણાવો.
( A) American Psychological Associate ( B) American Psychological Association
( C) American Psychologic Association ( D) American Psychologian Association

પ્રશ્ન- ૨૦ સંશોધનમાં આંકડાશાસ્ત્રનાં બે મુખ્ય કાર્યો કયાં છે.
( A) વર્ણન કરવાનું ( B) નિર્ણય કરવાનું કે અનુમાન કરવાના સંદર્ભમાં અર્થઘટન કરવાનું
( C) ફક્ત A સાચું છે. ( D) વિધાન A અને B બંને સાચાં છે.

પ્રશ્ન- ૨૧ ગુણાત્મક સંશોધનમાં માહિતીનું પૃથક્કરણ શેના પર આધાર રાખે છે.
( A) આગમનાત્મક અભિગમ (B) નિગમનાત્મક અભિગમ (C) આંકડાશાસ્ત્રીય અભિગમ (D) ઉપરોક્ત તમામ વિધાનો સાચા છે.

પ્રશ્ન- ૨૨ વિચરણ પૃથક્કરણના સ્વરૂપો પૈકી શું સાચું છે.
( A) એકમાર્ગીય વિચરણ પૃથક્કરણ (B) દ્વિમાર્ગીય વિચરણ પૃથક્કરણ
(C) (A) અને (B) બંને સાચાં છે. (D) ઉપરોક્ત તમામ વિધાનો ખોટાં છે.

પ્રશ્ન- ૨૩ વિચરણ પૃથક્કરણનો ઉપયોગ કેટલા જૂથોની સરાસરીઓ વચ્ચેના તફાવતોની સાર્થકતા ચકાસે છે.
( A) બે કે તેથી વધુ જૂથો ( B) બે થી ઓછા જૂથો ( C) ફક્ત એક જ જૂથ ( D) ફક્ત બે જ જૂથો

પ્રશ્ન- ૨૪ વિચરણ પૃથક્કરણ માટેની આવશ્યકતાઓ પૈકી શું સાચું છે.
( A) નમૂનો આકસ્મિક રીતે પસંદ થયો હોવો જોઈએ.
( B) માપન હેઠળનું પરતંત્ર ચલ લક્ષણ વ્યાપવિશ્વમાં સમધારિત વિસ્તરેલું હોવું ન જોઈએ.
( C) પરતંત્ર ચલ અંગેની માહિતી અંતરાલ માપ પધ્ધતિમાં હોવી ન જોઈએ.
( D) જેમની તુલના કરવામાં આવતી ન હોય તે જૂથો સ્વતંત્ર હોવાં જોઈએ.

પ્રશ્ન- ૨૫ કાઈવર્ગ માટેની સંજ્ઞા કઈ છે.
( A) $X_2$ ( B) X ( C) $X^2$ ( D) $X^3$

પ્રશ્ન- ૨૬ કાઈવર્ગ કસોટીની પૂર્વશરતો પૈકી શું સાચું છે.
( A) નમૂનો આકસ્મિક રીતે પસંદ થયેલો હોવો જોઈએ. (B) જો નમૂનાઓની સંખ્યા બે કે તેથી વધુ હોય તો આ નમૂનાઓ સ્વતંત્ર હોવા જોઈએ.
( C) (A) અને (B) બંને સાચાં છે. (D) ઉપરોક્ત તમામ વિધાનો ખોટાં છે.

પ્રશ્ન- ૨૭ પિયર્સન પરિબળ ગુણાકાર સહસંબંધની સંજ્ઞા કઈ છે.
( A) z ( B) r ( C) x (D) y

પ્રશ્ન- ૨૮ સંશોધન અહેવાલના મુખ્ય વિભાગો પૈકી શું સાચું છે.
( A) પરિચયાત્મક વિભાગ ( B) કાર્યપધ્ધતિ વિભાગ ( C) પરિણામ વિભાગ ( D) ઉપરોક્ત તમામ વિધાનો સાચાં છે.

પ્રશ્ન- ૨૯ સંશોધન અહેવાલમાં કયા પ્રકારની માહિતી રજૂ કરવામાં આવે છે.
( A) પ્રારંભિક માહિતી ( B) મુખ્ય માહિતી (C) આધાર કે સંદર્ભ માહિતી (D) ઉપરોક્ત તમામ વિધાનો સાચાં છે.

પ્રશ્ન- ૩૦ સાહિત્ય સમીક્ષા કયા કયા સ્વરૂપે કરી શકાય છે.
( A) પૃથક્કરણાત્મક (B) સંયોજનાત્મક (C) અધિવિશ્લેષણ (D) ઉપરોક્ત તમામ વિધાનો સાચાં છે.

પ્રશ્ન- ૩૧ સાહિત્ય સમીક્ષામાં કયાં કાર્યો સમાયેલાં છે.
( A) સંબંધિત અભ્યાસોના સારાંશો તૈયાર કરવા ( B) સારાંશો પરથી સમીક્ષાત્મક નોંધ તૈયાર કરવી.
( C) ફક્ત વિધાન A સાચું છે. (D) વિધાન A અને B બંને સાચાં છે.

પ્રશ્ન - ૩૨ સાહિત્યની સમીક્ષાના પ્રકરણની રૂપરેખા બાબતે નીચેનામાંથી શું સાચું છે.
( A) પ્રાસ્તાવિક ( B) સૈદ્ધાંતિક સાહિત્યની સમીક્ષા ( C) પૂર્વે થયેલાં સંશોધનોના સારાંશ ( D) ઉપરનાં તમામ વિધાનો સાચાં છે.

પ્રશ્ન- ૩૩ અર્થઘટનાત્મક આંકડાશાસ્ત્રની વિશેષતા શું છે.
( A) સાંખ્યિકી પરથી પ્રાચલ વિશે અનુમાન કરી શકાતું નથી. (B) સાંખ્યિકી પરથી પ્રાચલ વિશે અનુમાન કરી શકાય છે.
( C) ફક્ત વિધાન A સાચું છે. (D) ફક્ત વિધાન B સાચું છે.

પ્રશ્ન- ૩૪ અર્થઘટનાત્મક આંકડાશાસ્ત્રને અંગ્રેજીમાં શું કહે છે.
( A) Inferential Statistics ( B) Discriptive Statistics ( C) Sampling Statistics (D) Null Statistics

પ્રશ્ન- ૩૫ સંશોધન ફલિતાર્થની તારવણી એટલે શું?
( A) માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન (B) માહિતીના અર્થઘટન પરથી તારણની પ્રાપ્તિ
( C) ઉત્કલ્પનાની ચકાસણી પરથી પરિણામની તારવણી ( D) ઉપરોક્ત પૈકી કોઈ પણ નહીં

પ્રશ્ન- ૩૬ પ્રકાર-૧ ની ભૂલને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે.
( A) આલ્ફા ભૂલ ( B) બીટા ભૂલ ( C) વિધાન A અને B બંને સાચાં છે. (D) ફક્ત A સાચું છે

પ્રશ્ન- ૩૭ સાહિત્ય સમીક્ષા માટે સંશોધક નીચેનામાંથી કયાં કૌશલ્યો હોવાં જોઈએ.
( A) વાંચન કૌશલ્યો (B) નોંધલેખન કૌશલ્યો ( C) (A) અને (B) બંને સાચાં છે. ( D) ઉપરોક્ત એક પણ નહીં

પ્રશ્ન- ૩૮ સંદર્ભ સાહિત્યની સમીક્ષા માટે કયાં કાર્યો હાથ ધરવામાં આવે છે.
( A) સમીક્ષા માટે સમસ્યા નિર્ધારણ (B) સંબંધિત સંદર્ભોનું એકત્રીકરણ (C) પ્રાપ્ત સંદર્ભોનું મૂલ્યાંકન (D) ઉપરના બધા વિધાનો સાચાં છે.

પ્રશ્ન- ૩૯ પ્રકાર-૧ ની ભૂલ એટલે શું?
( A) શૂન્ય ઉત્કલ્પના સાચી હોવા છતાં તેનો અસ્વીકાર કરવો (B) શૂન્ય ઉત્કલ્પના ખોટી હોવા છતાં તેનો સ્વીકાર કરવો
(C) વિધાન A ખોટું છે. (D) વિધાન B સાચું છે.

પ્રશ્ન- ૪૦ સંશોધનમાં કયા પ્રકારની ભૂલોને ગંભીર માનવમાં આવે છે.
( A) પ્રકાર-૧ ની ભૂલો (B) પ્રકાર-૨ ની ભૂલો (C) પ્રકાર-૧ ની ભૂલો અને પ્રકાર -૨ ની ભૂલો બંનેને (D) ઉપરનાં તમામ વિધાનો ખોટાં છે.

પ્રશ્ન- ૪૧ સંશોધન નિષ્ણાતોના મતે શું કરવાથી પ્રકાર-૧ ની ભૂલો અને પ્રકાર -૨ ની ભૂલો થવાની સંભાવના ઘટે છે.
( A) નમૂનાનું કદ મોટું રાખવું (B) નમૂનાનું કદ નાનું રાખવું (C) વ્યાપવિશ્વનું કદ નાનું રાખવું (D) વ્યાપવિશ્વ કદ મોટું રાખવું

પ્રશ્ન- ૪૨ સમધારણરેખાના છેડાઓ કયા નામથી ઓળખાય છે.
( A) વિસ્તરણની પુચ્છ ( B) વિસ્તરણ ( C) વિસ્તરણની રેખા ( D) વિસ્તરણ બિંદુ

પ્રશ્ન- ૪૩ દ્વિ પુચ્છી કસોટી એટલે શું?
( A) અપેક્ષિત તફાવતની દિશા સ્પષ્ટ કરી હોય તેવી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ઉપયોગમાં લેવાતી કસોટી
( B) અપેક્ષિત તફાવતની દિશા સ્પષ્ટ કરી ન હોય તેવી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ઉપયોગમાં લેવાતી કસોટી
( C) અપેક્ષિત તફાવતની દિશા સ્પષ્ટ કરી ન હોય તેવી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ઉપયોગમાં લેવાતી માહિતી
( D) અપેક્ષિત તફાવતની દિશા સ્પષ્ટ કરી હોય તેવી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ઉપયોગમાં લેવાતી માહિતી

પ્રશ્ન- ૪૪ T કસોટી કયા પ્રકારની કસોટી છે.
(A) પ્રાચલીય કસોટી ( B) અપ્રાચલીય કસોટી ( C) ફક્ત વિધાન A સાચું છે. (D) ફક્ત વિધાન B સાચું છે.

પ્રશ્ન- ૪૫ અપ્રાચલીય કસોટીઓને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે.
( A) વિસ્તરણ યુક્ત કસોટીઓ ( B) વિસ્તરણ મુક્ત કસોટીઓ ( C) ફક્ત વિધાન A સાચું છે. (D) ફક્ત વિધાન B સાચું છે.

પ્રશ્ન- ૪૬ માન-વિટની કસોટી એ કયા વિભાગની કસોટી છે.
( A) પ્રાચલીય વિભાગની કસોટી (B) અપ્રાચલીય વિભાગની કસોટી (C) ફક્ત વિધાન A સાચું છે. (D) ફક્ત વિધાન B સાચું છે.

પ્રશ્ન- ૪૭ T કસોટી માટે નીચેનામાંથી શું સાચું છે.
( A) બે જૂથોના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચેનો તફાવત વાસ્તવિક છે કે માત્ર આકસ્મિક તે તપાસવા માટેની પ્રાચલીય કસોટી છે.
( B) બે જૂથોના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચેનો તફાવત વાસ્તવિક છે કે માત્ર આકસ્મિક તે તપાસવા માટેની અપ્રાચલીય કસોટી છે.
( C) બે કે તેથી વધુ જૂથોના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચેનો તફાવત વાસ્તવિક છે કે માત્ર આકસ્મિક તે તપાસવા માટેની પ્રાચલીય કસોટી છે.
( D) ઉપરોક્ત તમામ વિધાનો ખોટાં છે.

પ્રશ્ન- ૪૮ T કસોટીની કઈ કઈ પૂર્વશરતો છે.
(A) નમૂનો આકસ્મિક રીતે પસંદ થયેલો હોવો જોઈએ. ( B) સંબંધિત લક્ષણ વ્યાપવિશ્વમાં સમધારિત વિસ્તરેલું હોવું જોઈએ.
( C) નમૂનાઓ સમાન ચલિતતા ધરાવતા હોવા જોઈએ. ( D) ઉપરોક્ત તમામ વિધાનો સાચાં છે.

પ્રશ્ન- ૪૯ વિચરણ પૃથક્કરણ એટલે શું?
( A) T કસોટી ( B) F કસોટી ( C) માન- વિટની કસોટી ( D) કાઈવર્ગ કસોટી

પ્રશ્ન- ૫૦ F કસોટીની રજૂઆત સૌ પ્રથમ કોણે કરી હતી.
( A) ડોનાલ્ડ ફિશર (B) એરિસ્ટોટલ ( C) મોર્કલ ( D) સ્પિયરમેન